જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૦૫/૦૨/૨૦૧૭ રવિવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૨૪૭/૧૭**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૫૪ કેસ કરી, ૪૮ વ્યક્તિઓને ઝડપી, ૧૮૦ લીટર દેશી દારૂ, ૪૧ બોટલ ઈંગ્લીશ દારૂ, ૧ કાર અને ૧ સ્કૂટર કબજે કર્યુ હતુ. તેમજ જુગાર ધારા હેઠળ ૨ કેસ કરી ૫ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૫૯૨૫/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૨૪૮/૧૭**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૦૯ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૨ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**વિશ્વાસઘાત અને છેતરપીંડીઃ-** **સમાચાર યાદી નં.૨૪૯/૧૭**

**સરદારનગરઃ** વિકાસ રમેશકુમાર આહુજા (ઉ.વ.૨૯) (રહે. સુદામાપાર્ક સોસાયટી નોબલનગર) એ તા.૪/૨/૧૭ નારોજ સરદારનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૩/૧૦/૨૦૧૬ થી તા.૩/૧૧/૨૦૧૬ સુધીના સમયગાળા દરમ્યાન આરોપી (૧) સુરેશ શંકરભાઇ ચૌધરી અને (૨) જીગર રજનીકંત ગાંધી (બન્ને રહે. મહેસાણા) એ ભેગા મળી ઓનલાઈન ટીકીટો તથા રેહવા જમવા તથા ફરવાનુ બુકીંગ કરાવી રૂપિયા ૯,૦૦,૧૮૭/- પૈસા નહી આપી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી ઝેડ.એમ.સિંધી ચલાવે છે.

**ઘરફોડઃ-** **સમાચાર યાદી નં.૨૫૦/૧૭**

**શહેરકોટડાઃ** કેયુરભાઇ ડાહ્યાભાઇ પટેલ (રહે.માળીનો કુવો એફ.એસ.એલ સામે અસારવા મેઘાણીનગર) એ તા.૪/૨/૧૭ નારોજ શહેરકોટડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૩૧/૧/૧૭ રાતના ૧૧/૦૦ થી તા.૧/૨/૧૭ સવારના ૮/૦૦ વાગ્યા દરમ્યાન સીટી ગોલ્ડ સિનેમા પાસે આવેલ પુષ્પદિપ કોમ્પલેક્ષ ખાતે આવેલ હરી પાન પાર્લર નામની પોતાની દુકાનના શટરના તાળા તોડી અજાણી વ્યક્તિ દુકાનમાં પ્રવેશ કરી દુકાનમાંથી રોકડ રૂપિયા ૧૯,૦૦૦/-, સેમસંગ કંપનીનુ ટી.વી. કિમત રૂપિયા ૧૦,૦૦૦/-, સિગારેટના આશરે ૮૦ જેટલા પેકેટ કિમત રૂપિયા ૬,૦૦૦/-, ડેયરી મિલ્ક ચોકલેટ નંગ- ૩૫ કિમત રૂપિયા ૧,૦૦૦/- અને સ્પ્રેની બોટલો નંગ- ૧૫૦ કિમત રૂપિયા ૧૦,૦૦૦/- મળી કુલ રૂપિયા ૪૬,૦૦૦/- મતાની ચોરી કરી લઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એન.બી.સોલંકી ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**રામોલઃ** ભરતભાઇ ભુરાજી ચાવલા (રહે. વિભાગ-૪ માધવપાર્ક રાઘે કોમ્પલેક્ષની સામે નિરાંત ચોકડી વસ્રાલ) એ રામોલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૪/૦૨/૧૭ ના કલાક ૧૬/૦૦ થી કલાક ૧૯/૧૫ વાગ્યા દરમ્યાન પોતાના મકાનના દરવાજાનુ તાળુ તોડી અજાણી વ્યક્તિ ઘરમા પ્રવેશ કરી કબાટમાથી સોનાના હાર નંગ-૩, સોનાની બંગડી નંગ-૮, સોનાની ચેઇન નંગ-૩, સોનાની વીંટી નંગ-૨, સોનાનો ટીક્કો નંગ-૧, કાનની બુટ્ટી નંગ-૨, સોનાની બાજુબંધ નંગ-૨ મળી સોનાના દાગીના કિમત રૂપિયા ૧૨,૪૦,૦૦૦/- તેમજ ચાંદીના કંદોરા નંગ-૪, પગની ચાંદીની પાયલ પાંચ જોડી, ચાંદીની વીટી નંગ-૨, નાના બાળકોના હાથના કડા નંગ-૬ મળી ચાંદીના દાગીના કિમત રૂપિયા ૮૦,૦૦૦/- અને રોકડ રૂપિયા ૧૮,૭૦૦/- મળી કુલ રૂપિયા ૧૩,૩૮,૭૦૦/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી પી આઈ સોલંકી ચલાવે છે.

**પર્સ/થેલો ઝુંટવી લઈ ગયાઃ-** **સમાચાર યાદી નં.૨૫૧/૧૭**

**પાલડીઃ** રઝીયાબહેન મકસુદભાઇ અજમેરી (ઉ.વ.૪૦) (રહે.ઇમરાન ફ્લેટ રોનક ફ્લેટની બાજુમાં એ.પી.એમ.સી.માર્કેટ પાછળ, જુહાપુરા વેજલપુર) તા.૩/૨/૧૭ રાતના ૧૦/૦૦ વાગ્યાના સુમારે ફતેપુરા પાલડી ભઠ્ઠા જાસ્મીન હોટલ નજીકથી પસાર થઈ રહ્યા હતા ત્યારે એક બજાજ પલ્સર મોટર સયકલ ઉપર આવેલ (૨૫ થી ૩૦ વર્ષના આશરાના) બે પુરૂષ રઝીયાબહેનનુ પર્સ ઝુંટવી લઈ નાસી ગયા હતા. જે પર્સમાં રોકડ રૂપિયા ૨૦,૦૦૦/- અને આઇ.ડી પ્રૂફ તથા બેંકની પાસબુકો વિગેરે ચીજ વસ્તુઓ હતી. આ અંગેની ફરીયાદ રઝીયાબહેન અજમેરીએ પાલડી પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ શ્રી એમ.પી ચાવડા ચલાવે છે.

**નરોડાઃ** પ્રદિપકુમાર સચ્ચાનદ મહેરચંદાણી (રહે.શ્રી ગણેશ એપાર્ટમેન્ટ ‘જી’વોર્ડ કુબેરનગર સરદારનગર) તા.૪/૨/૧૭ સાંજના ૬/૪૫ વાગ્યાના સુમારે નરોડા જીઆઇડીસી કેસલીસ ફેકટરીના દરવાજા નજીકથી પસાર થઈ રહ્યા હતા ત્યારે પ્રદિપકુમારને સરનામુ પુછવાના બહાને બે મોટર સાયકલ ઉપર આવેલ ત્રણ પુરૂષોએ પ્રદિપકુમારને રોકી પ્રદિપકુમાર પાસેનો રૂપિયા ૩,૯૬,૮૦૦/- ભરેલ થેલો ઝુટવી લઇ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ પ્રદિપકુમારે નરોડા પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી કે.એચ.જાડેજા ચલાવે છે.

**વાહન ચોરીઃ-** **સમાચાર યાદી નં.૨૫૨/૧૭**

**સોલા હાઈકોર્ટઃ** વિજયસિંહ બળવંતસિંહ ગોહીલ (રહે.શાહીબાગ પોલીસ લાઇન) એ તા.૧/૨/૧૭ કલાક ૯/૦૦ વાગે સોલા હાઈકોર્ટ પાટણ હોલ નજીક પોતાની સેન્ટ્રો કાર નંબર જીજે ૧ એચ.જી ૮૧૬૭ કિમત રૂપિયા ૧,૦૦,૦૦૦/- પાર્ક કરી હતી. જેની ચોરી ત્રીસ મીનીટમાં થઈ હતી. આ અંગેની ફરીયાદ વિજયસિંહ ગોહીલે તા.૪/૨/૧૭ નારોજ સોલા હાઈકોર્ટ પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ હે.કો.શ્રી ભરતભાઇ ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૨૫૩/૧૭**

**રિવરફ્રંટ વેસ્ટઃ** મહેન્દ્રભાઈ ભાસ્કરભાઈ રાવ (ઉ.વ.૫૦) (રહે. જવાહરનગર ટોરેન્ટ પાવરની સામે અમરાઈવાડી) એ અગમ્ય કારણસર તા.૪/૨/૧૭ કલાક ૧૦/૪૫ વાગ્યા પહેલા સાબરમતી નદીના પશ્ચીમ કિનારે ઘાટ નંબર-૬ નજીક નદીના પાણીમાં ડુબી જઈ આત્મહત્યા કરી હતી. આ અંગે રિવરફ્રંટ વેસ્ટ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી વિનાયકભાઈ લક્ષ્મણભાઈ ચલાવે છે.

**અમરાઇવાડીઃ** સુમનબહેન સુનીલ રાજપુત (ઉ.વ.૨૧) (રહે. તક્ષશિલા ફ્લેટ સીટીએમ અમરાઈવાડી) એ તા.૪/૨/૧૭ કલાક ૧૧/૦૦ વાગ્યાના સુમારે અગમ્ય કારણસર પોતાના ઘરે પંખાના હુકમાં દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે અમરાઈવાડી પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મદદનીશ પોલીસ કમિશનર શ્રી "આઈ" ડીવીઝન ચલાવે છે.

**નાયબ પોલીસ કમિશનર,**
**કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.**
**પોલીસ કમિશનર વતી.**



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)